## **–ઃ ફો.કેસ નં.૫૦૯૧૦/૨૧ આંક–૧ હેઠળ હુકમ ઃ–**

સદર કામનુ કેસ રેકર્ડ આજરોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન હાથ પર લઈ વંચાણે લીધુ, સદર કામે આરોપી સામેનો ગુનો ધ્યાને લેતા આરોપી ઉપર ઈ.પી.કો. ની કલમ–૨૬૯ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબના ગુનાનો આક્ષેપ છે તેમજ સદર ગુનો સમન્સ ટ્રાયેબલ ગુનો છે, આરોપી સામે ચાર્જશીટ દાખલ થયેલ છે જેથી આરોપી સામેનો કેસ પોલીસ રીપર્ટના આધારે દાખલ થયેલ છે તથા આ ચાર્જશીટ દાખલ થયા બાદ આરોપીને અદાલત સમક્ષ હાજર રાખવા સમન્સ/વોરંટ કાઢવામા આવેલ છે ત્યારબાદ આરોપી હાજર ન રહેતા આરોપી વિરૂધ્ધ પ્રોસેસ કાઢવા છતા આરોપીને હાજર ન રાખવા અંગે કોઈ યોગ્ય અને વાજબી કારણ રજુ નથી. જેથી આરોપી સામેનો કેસ ઘણા સચમથી ચાલતો હોવા છતા આરોપીને હાજર રખાવી શકેલ ન હોય તથા નજીકના ભવિષ્યમા આરોપી મળી આવે તેવી કોઈ શક્યતા જણાતી ન હોય જેથી આવા અસામાન્ય તથા વિશિષ્ટ સંજોગોમા આરોપી વિરૂધ્ધની ન્યાયીક કાર્યવાહી વિના વિલંબે આગળ ચલાવવી અત્યંત મુશ્કેલ અને અશક્ય જણાતુ હોય ફો.કા.અ.ની કલમ–૨૫૮ અન્વયે ન્યાયના વિશાળ હીતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

## **હુકમ**

**આથી ફો.કા.અ.ની કલમ–૨૫૮ અન્વેય આરોપી સામેની કાર્યવાહી પડતી મુકી કાર્યવાહી બંધ કરવા હુકમ કરવામા આવે છે.**

**વધુમા આરોપી જયારે મળી આવે ત્યારે તેઓ સામેની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવા ફરીયાદપક્ષને ફો.કા.અ.ની કલમ–૩૦૦(૫) હેઠળ પરવાનગી આપવામા આવે છે.**

હુકમ આજ તા. ૦૯/૦૯/૨૦૨૩ ના રોજ અદાલતમાં જાહેર કર્યો.

તારીખઃ ૦૯/૦૯/૨૦૨૩

જે.એમ.એફ.સી.ટ્રાફીક કોર્ટ,